# વાપી નગરપાલિકા,
# તા. વાપી, જી. વલસાડ
# ભરતી અંગેની જાહેરાત

વાપી નગરપાલિકામાં મંજુર થયેલ લઘુત્તમ મહેકમ પૈકી ખાલી પડેલ જગ્યાઓ માટે મે. પ્રાદેશિક કમિશનરશ્રી સુરત દ્વારા તા. ૧૭-૦૫-૨૩ ના રોજ મંજુરીને આધિન ખાલી જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં એટલે તા. ૧૪-૦૮-૨૦૨૩ ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં નગરપાલિકાને મળે તે મુજબ અરજી કરવાની રહેશે. ઉમેદવારોની લાયકાતના ધોરણો તથા અન્ય શરતો નીચે મુજબ છે. જે મુજબની યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે નગરપાલિકાના મહેકમ શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | પગાર ધોરણ | શૈક્ષણિક લાયકાત | કેટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓ | | | | | કુલ જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | બિન અનામત | આ.ન.વ. | સા.શૈ.પ.વ. | અનુ.જાતિ | અનુ.જ.જાતિ | |
| ૧ | ક્લાર્ક | ૬ | ૩ | 19900-63200(2) | એચ.એસ.સી. (ધોરણ-૧૨) પાસ તથા ગુજરાતી તથા અંગ્રેજી ટાઈપનો પાંચ વર્ષનો અનુભવ તથા સરકાર માન્ય કોમ્પ્યુટર અંગે CCC પાસનું પ્રમાણપત્ર | ૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૬ |
| ૨ | વાલમેન | ૨ | ૪ | 14800-47100 (IS-1) | ધોરણ-૧૦ પાસ અને વાલમેનનો અનુભવ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૩ | ફાયરમેન | ૫ | ૪ | 15700-50000 (IS-3) | ધોરણ-૧૨ પાસ અને સરકાર માન્ય ફાયરમેનની પરીક્ષા પાસ | ૨ | ૦ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૪ | મુકાદમ | ૬ | ૪ | 15000-47600 (IS-2) | ધોરણ-૭ પાસ અને લખી વાંચી શકે | ૪ | ૦ | ૧ | ૦ | ૧ | ૬ |
| ૫ | મેલેરીયા વર્કર | ૧ | ૩ | 19900-63200 (2) | એચ.એસ.સી. (ધોરણ-૧૨) પાસ તથા ગુજરાતી તથા અંગ્રેજી ટાઈપનો પાંચ વર્ષનો અનુભવ તથા સરકાર માન્ય કોમ્પ્યુટર અંગે CCC પાસનું પ્રમાણપત્ર | | | | | | ૧ |
| ૬ | વાયરમેન | ૧ | ૪ | 15700-50000(IS-3) | ધોરણ-૧૦ પાસ અને સરકાર માન્ય સંસ્થામાં વાયરમેનની પરીક્ષા પાસ કરેલ તેમજ પાંચ વર્ષનો અનુભવ | | | | | | ૧ |
| ૭ | માળી | ૧ | ૪ | 14800-47100 (IS-1) | ધોરણ-૭ પાસ તથા માળી તરીકેના ત્રણ વર્ષનો અનુભવ | | | | | | ૧ |
| ૮ | ફાયર ઓફિસર | ૧ | ૩ | 29200-92300 (5) | ગ્રેજ્યુએટ, સરકાર માન્ય ફાયર સબ ઓફિસરનો કોર્ષ પાસ અને સરકાર માન્ય કોમ્પ્યુટર અંગે CCC પાસનું પ્રમાણપત્ર | | | | | | ૧ |
| ૯ | સમાજ સંગઠક | ૧ | ૩ | 25500-81100 (4) | એમ.એસ.ડબલયુ અને બે વર્ષનો અનુભવ તથા ગુજરાતી અને અંગ્રેજી ટાઈપની જાણકારી અને સરકાર માન્ય કોમ્પ્યુટર અંગે CCC પાસનું પ્રમાણપત્ર | | | | | | ૧ |

**શરતો :-**

૧. ઉપરોક્ત જગ્યા માટેની અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં એટલે કે તા. ૧૪-૦૮-૨૦૨૩ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસરશ્રી, વાપી નગરપાલિકા, વાપી-૩૯૬૧૯૧, તા. વાપી, જી. વલસાડ ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. આ સિવાયની અરજીઓ સ્વિકારવામાં આવશે નહી. ઉમેદવારે અરજી બંધ કવર ઉપર કઈ જગ્યા માટે અરજી કરેલ છે તેની વિગત સ્પષ્ટ દર્શાવવાની રહેશે. અરજદાર દ્વારા એક જગ્યા માટે બે અરજી કરવામાં આવેલ હોય ત્યારે આખરી અરજી માન્ય રાખવામાં આવશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝ ફોટો નંગ-૧, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો, શૈક્ષણિક લાયકાતની સ્વપ્રમાણીત નકલ તથા જ્યા લાગુ પડતુ હોય ત્યા અનુભવનું પ્રમાણપત્ર અને સીસીસીનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ / અનામત અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું માન્ય પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે માન્ય નોન ક્રિમીલીયર સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખની સ્થિતીએ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.

૩. ઉપરોક્ત જગ્યા માટે અરજી સાથે બીન અનામત ઉમેદવારે ફી પેટે રૂા. ૩૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફિસરશ્રી, વાપી નગરપાલિકા, વાપીના નામથી અરજી સાથે મોકલવાનો રહેશે. અનામત વર્ગના ઉમેદવારે તથા મહિલા ઉમેદવારે કોઈ પણ ફી ભરવાની રહેશે નહી.

૪. સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટે વયમર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબ લઘુત્તમ ૧૮ અને મહત્તમ ૩૩ વર્ષની રહેશે. અને સામાન્યવર્ગની સ્ત્રી ઉમેદવાર તથા અનામત વર્ગના ઉમેદવારો માટે વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમો મુજબ રહેશે. પરંતુ આવા ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું માન્ય અને અદ્યતન સર્ટીફીકેટ અરજી સાથે જોડવાનું રહેશે. તા. ૩૦-૦૬-૨૦૨૩ની સ્થિતીએ વયમર્યાદા ગણવાની રહેશે.

૫. ભરતી માટેનું અરજી ફોર્મ નગરપાલિકાની મહેકમ શાખામાંથી અથવા તો નગરપાલિકાની વેબસાઈટ (www.vapimunicipality.com) ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. માન્ય અરજી ફોર્મ સિવાયની અરજી માન્ય રાખવામાં આવશે નહી.

૬. ઉપરોક્ત જગ્યાઓ પૈકી એક કરતા વધુ જગ્યા માટે અરજી કરવા ઈચ્છુક ઉમેદવારોએ અલગ-અલગ જગ્યા માટે અલગ-અલગ અરજીઓ કરવાની રહેશે. જો એક જ અરજીપત્રકમાં એક કરતા વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્રક રદ ગણવામાં આવશે.

૭. અનામત વર્ગના ઉમેદવાર જો સામાન્ય જગ્યા ઉપર અરજી કરે છે તો અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહી અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૮. પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ સુરત ના પત્ર તા. ૪-૩-૨૦૨૧ થી મંજુર થયેલ ભરતી બઢતીના નિયમોને આધિન તથા તા. ૧૭-૫-૨૦૨૩ ભરતી બઢતીના નિયમોમાં થયેલ સુધારાના આધિન ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

૯. પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ સુરતના પત્ર તા. ૧૭-૫-૨૦૨૩ ભરતી બઢતીના નિયમોમાં થયેલ સુધારા મુજબ વાપી નગરપાલિકામાં કરાર આધારીત / રોજીંદા કર્મચારી તરીકે નોકરી કરતા આવેલ છે તેવા કર્મચારીઓને ઉમરનો બાધ નડશે નહી. પરંતુ ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

૧૦. સરકારશ્રીની નિતિ અનુસાર કર્મચારીઓની પ્રથમ નિમણૂંક ૫ (પાંચ) વર્ષ માટે ફીક્સ પગારથી કરવામાં આવશે. તથા સરકારશ્રી તરફથી વખતોવખત જે સુધારા જાહેર થશે તે લાગુ પડશે. ત્યારબાદ સરકારશ્રીના નિયમોનુસાર તથા નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ પગાર ભથ્થા મળવાપાત્ર રહેશે.

૧૧. અધુરી વિગતો વાળી, શૈક્ષણિક પ્રમાણપત્રો, તથા અન્ય જરૂરી પ્રમાણપત્રો સામેલ કર્યા વગરની કે અસ્પષ્ટ અરજીઓ અને સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી અને આ અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૧૨. ઉપરોક્ત જગ્યાઓ પૈકી અ.નં. ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯ ની ભરતી લેખિત પરીક્ષા અને અ.નં. ૩ અને ૮ ની લેખિત તથા પ્રેક્ટીકલ સ્પર્ધાત્મક પરીક્ષાના મેરીટ મુજબ કરવામાં આવશે. જેમાં ઉમેદવારોએ પોતાના સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૧૩. ઉપરોક્ત જગ્યાઓ માટેની માન્ય ઉમેદવારો માટે સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની જાણ અલગથી કરવામાં આવશે.

૧૪. ખોટા આધાર પુરાવા/પ્રમાણપત્રો રજુ કરનારની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

૧૫. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે સંપુર્ણ અથવા અંશતઃ રદ કરવાની આવશ્યક્તા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક / અધિકાર રહેશે. નગરપાલિકા આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહી.

**સહી/- સભ્યસચિવ,**
**પસંદગી સમિતિ અને**
**ચીફ ઓફિસર, વાપી નગરપાલિકા**

**સહી/- અધ્યક્ષ,**
**પસંદગી સમિતિ અને**
**પ્રમુખ, વાપી નગરપાલિકા**

નં. માહિતી/વલસાડ/૨૨૯/૨૦૨૩